# સારાંશ

## ટોરેન્ટ પાવર લિમીટેડ અમદાવાદ-ગાંધીનગર સપ્લાય એરિયા

## કેસ નંબર ૧૮૪૪/૨૦૧૯

### પૂર્વભૂમિકા

૧.૧ જીઇઆરસી (મલ્ટીયર ટેરીફ) રેગ્યુલેશન્સ, ૨૦૧૬ ની જોગવાઇઓ મુજબ, ટીપીએલ-ડીએ આ અરજી માનનીય કમીશન સમક્ષ નીચેની વિગતોની મંજુરી મેળવવા કરેલ છે.

1. નાંણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯ માટે એઆરઆરનું ટ્રુ-અપ અને નિયંત્રીત/અનિયંત્રીત પરિબળોને લીધે થયેલ નફા/નુકશાનની વહેંચણી
2. નાંણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ ની ખાધ/પુરાંતનું નિર્ધારણ
3. નાંણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટે વિજદરનું નિર્ધારણ

### નાંણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ ના ટ્રુ અપઃ

૧.૨ માનનીય કમીશને નાંણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ માટે ટીપીએલ-ડીના એઆરઆરની મંજુરી ૯ જુન ૨૦૧૭ ના એમવાયટી ઓર્ડર (કેસ નંબર ૧૬૨૭/૨૦૧૬) દ્વારા આપી છે. જે નાંણાકિય વર્ષ ૨૦૧૮-૧૯ માટેના અનુમાનો પર આધારીત હતા. એઆરઆરની મંજૂરી નાંણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ ની વાસ્તવિક વિગતો પર થનાર ટ્રુ-અપ પર આધારીત હતી.

૧.૩ ટીપીએલ-ડીએ જીઇઆરસી (મલ્ટીયર ટેરીફ) રેગ્યુલેશન, ૨૦૧૬ મુજબ માનનીય કમીશનના ૯ જુન, ૨૦૧૭ ના એમવાયટી ઓર્ડરના (કેસ નંબર ૧૬૨૭/૨૦૧૬) આધારે ટ્રુ-અપ માટેની અરજી કરેલ છે.

૧.૪ ટીપીએલ-ડીએ એઆરઆરના ટ્રુ અપ માટે નીચેના માપદંડ ધ્યાનમાં લીધા છે.

1. વીજળીની ખરીદના સ્તોત્રમા, જથ્થામાં અને કિંમતમાં થતા ફેરફારના કારણે વીજળીની ખરીદ ખર્ચમાં થતો બદલાવ.
2. ફીકસડ ખર્ચો, જેમ કે ઓ એન્ડ એમ ખર્ચ, વ્યાજ ખર્ચ, માલ-મિલકતની કિંમતમાં થયેલ ઘસારો, ઘાલખાધ, ઇકવીટી પર મળતો નફો, આવકવેરો અને નોન ટેરીફ આવકમાં થતા બદલાવ.
3. નિયંત્રિત અને અનિયંત્રિત પરિબળોને ગણતરીમાં રાખીને નફા/નુકશાનની વહેંચણી.

૧.૫ નાંણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ માટે વીજળીની જરુરીયાત, વાસ્તવિક વેચાણ અને વાસ્તવિક ટી એન્ડ ડી લોસ પર આધારીત છે. અમદાવાદ પુરવઠા વિસ્તારનું વેચાણ ૭૮૩૫.૨૭ એમયુ છે. નાંણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ માટે વાસ્તવિક વીજ વિતરણ લોસ ૫.૬૧ ટકા થયેલ છે. ટીપીએલ-ડી(એ)એ વીજ વિતરણ લોસમાં માનનીય કમીશનના નિર્ધારીત કરેલ લોસ કરતા ઉત્કૃષ્ટ કામગીરી બજાવી છે.

૧.૬ એઆરઆરની ગણતરી વાસ્તવિક ખર્ચાઓ અને ૯ જુન, ૨૦૧૭ના એમવાયટી ઓર્ડર (કેસ નંબર ૧૬૨૭/૨૦૧૬) મુજબ મંજુર કરેલ ખર્ચાઓને ધ્યાને લઇ કરવામાં આવી છે. કિંમત, જથ્થા અને સ્તોત્રમાં થતા બદલાવને કારણે વીજળીની ખરીદ કિંમતમાં થતો ફેરફાર અનિયંત્રીત છે અને તે મુજબ, તે એઆરઆરમાં ધ્યાને લેવામાં આવેલ છે. પરંતુ, કાર્યક્ષમતાના માપદંડમાં થતા ફેરફારના કારણે ખર્ચાઓમાં થતો ફેરફાર નિયંત્રીત છે અને તેને લીધે થતા નફાને જીઇઆરસી (મલ્ટીયર ટેરીફ) રેગ્યુલેશન, ૨૦૧૬ માં ઉલ્લેખવામાં આવેલ નફા/નુકશાનની વહેંચણી પધ્ધતિના આધારે, એઆરઆરમાં ગણતરીમાં લેવામાં આવેલ છે. અમદાવાદના સપ્લાય વિસ્તારનો વીજ વિતરણ લોસ મંજુર થયેલા વિતરણ લોસની સરખામણીમાં ઘટેલ છે. વિતરણ લોસમાં થયેલા ઘટાડાને કારણે થયેલ ફાયદો જીઇઆરસી (મલ્ટીયર ટેરીફ) રેગ્યુલેશન, ૨૦૧૬ અનુસાર ગણતરીમાં લેવામાં આવેલ છે.

૧.૭ અમદાવાદ સપ્લાય વિસ્તારના ફીકસડ ખર્ચાઓ જેમ કે ઓ એન્ડ એમ ખર્ચ, વ્યાજ ખર્ચ, માલ-મિલકતની કિંમતમાં થયેલ ઘસારો, ઘાલખાધ, ઇકવીટી પર મળવાપાત્ર વળતર, આવકવેરો અને નોન ટેરીફ આવકને દરેકનાં નિયંત્રીત/ અનિયંત્રીત પરિબળોના વર્ગીકરણનાં આધારે ટ્રુ અપ કરવામાં આવેલ છે. એ પ્રમાણે નફા/નુકાશાનની વહેંચણી કરી, એઆરઆરનું ટ્રુ અપ કરવામાં આવેલ છે. આ રીતે ટ્રુઇંગ અપ કરેલ એઆરઆરને નીચે કોષ્ટકમાં દર્શાવેલ છે.

**કોષ્ટક ૧: નાંણાકિય વર્ષ ૨૦૧૮-૧૯ માટે અમદાવાદ સપ્લાય વિસ્તારનું ટ્રુ અપ કરેલ એઆરઆર**

| રૂ. કરોડમાં | | વાસ્તવિક |
|---|---|---|
| એમવાયટી ઓર્ડર મુજબ એઆરઆર | (એ) | ૪,૭૮૦.૬૮ |
| અનિયંત્રીત પરિબળો ને કારણે નફો/(નુકશાન) | (બી) | (૧,૦૯૧.૬૪) |
| નિયંત્રીત પરિબળો ને કારણે નફો/(નુકશાન) | (સી) | ૬૩.૨૭ |
| ટેરીફ તરીકે પાસ થશે | ડી=-(બી+૧/3 સી) | ૧,૦૭૦.૫૫ |
| ટ્રુ-અપ એઆરઆર | ઇ= એ+ડી | ૫,૮૫૧.૨૩ |

૧.૮ ટીપીએલ-ડી જણાવે છે કે જીઇઆરસી દ્વારા મંજુર કરેલ અગાઉના વર્ષોની ખાધ/(પુરાંત)ની વસૂલાતને આવકની ગણતરીમાં ધ્યાને લીધેલ છે જે માનનીય કમીશનના ૩૧ માર્ચ, ૨૦૧૮ ના ઓર્ડર (માનનીય ટ્રીબ્યુનલના ૪ ઓકટોબર, ૨૦૧૯ ના ચુકાદા સાથે) અને ૧૯ ઓગસ્ટ, ૨૦૧૯ ના ઓર્ડર તેમજ તેની અનુગામી સમયગાળા માટે સંબંધિત અસર સાથે ધ્યાને લેતા રૂ ૫૪૩.૪૩ કરોડ થાય છે.

૧.૯ તદઉપરાંત, ટીપીએલ-ડીએ ઉપરોક્ત અગાઉના વર્ષોની ખાધની વસૂલાતમાં માનનીય કમીશને નિયુક્ત કરેલ એજન્સી દ્વારા કરેલા થર્ડ પાર્ટી ઓડિટ અને માનનીય કમીશનના ૨૪ એપ્રિલ, ૨૦૧૯ ના ઓર્ડર સાથે રૂ (૦.૫૮) કરોડના સુધારાને પણ ધ્યાને લીધેલ છે.

૧.૧૦ ટીપીએલ-ડી જણાવે છે કે ઇલેક્ટ્રિસિટી એક્ટ, ૨૦૦૩ અંતર્ગત વિજદરનું નિર્ધારણ કાયદા અને રેગ્યુલેશનમાં દર્શાવેલ સિદ્ધાંતો મુજબ કરવામાં આવે છે. જીઇઆરસી (મલ્ટીયર ટેરીફ) રેગ્યુલેશનસ ડિસ્ટ્રીબ્યુશન લાઇસન્સી ના એઆરઆરમાં ધ્યાને લેવાની વસ્તુઓ સૂચિત કરે છે. પરંતુ, વિજદર નિર્ધારણ દરમ્યાન ધ્યાને લીધેલ નાંણાકિય વર્ષ ૨૦૧૬-૧૭ ના ડીપીસી નુ રેગ્યુલેશનની જોગવાઇઓથી વિરુદ્ધ નિરૂપણ થયેલ છે. માટે, ટીપીએલ-ડીએ માનનીય કમીશનને રેગ્યુલેશનની જોગવાઇઓ મુજબ રૂ ૮.૯૪ કરોડને અગાઉના વર્ષોની ખાધમાં યોગ્ય રીતે ધ્યાને લેવા વિનંતી કરેલ છે.

૧.૧૧ નાંણાકિય વર્ષ ૨૦૧૮-૧૯ માટે અમદાવાદ સપ્લાય વિસ્તારની ખાધ/(પુરાંત)ની સંક્ષિપ્તમાં માહિતી નીચે દર્શાવેલ કોષ્ટકમાં આપેલ છે.

**કોષ્ટક ૨: નાંણાકિય વર્ષ ૨૦૧૮-૧૯ માટે અમદાવાદ સપ્લાય વિસ્તારના આવકની ખાધ/(પુરાંત)**

| રૂ.કરોડમાં | વાસ્તવિક |
|---|---|
| ટ્રુ-અપ એઆરઆર | ૫,૮૫૧.૨૩ |
| | |
| વિજળીના વેચાણથી થતી આવક | ૫,૬૨૪.૪૭ |
| બાદઃ જીઇઆરસી દ્વારા મંજુર કરેલ અગાઉના સમયની ખાધ/(પુરાંત) | ૫૪૩.૪૩ |
| **બાકીની આવક** | **૫,૦૮૧.૦૪** |
| | |
| **ખાધ/(પુરાંત)** | **૭૭૦.૧૯** |

૧.૧૨ ટીપીએલએ માનનીય કમીશનને ઉપરની ગણતરી મુજબ એઆરઆરની અને આવકની ખાધ /(પુરાંત) મંજુર કરવા માટે અરજ કરેલ છે.

**નાંણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ના એઆરઆર ઃ**

૧.૧૩ માનનીય કમીશને નાંણાકિય વર્ષ ૨૦૨૦-૨૧ ના એઆરઆરની મંજુરી ૨૪ એપ્રિલ, ૨૦૧૯ ના ઓર્ડર (કેસ નંબર ૧૭૬૪/૨૦૧૮) દ્વારા આપી છે. તદાનુસાર ટીપીએલએ નાંણાકિય વર્ષ ૨૦૨૦-૨૧ ના એઆરઆર નીચેના કોષ્ટકમાં આપેલ છે.

**કોષ્ટક ૩: નાંણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટે અમદાવાદ પુરવઠા વિસ્તાર માટે ના એઆરઆર**

| રૂ. કરોડ | એમટીઆર ઓર્ડર |
|---|---|
| વીજ ખરીદી | ૪,૩૪૩.૯૨ |
| ઓ એન્ડ એમ ખર્ચ | ૩૪૨.૯૭ |
| ઘસારો | ૨૧૨.૮૧ |
| વ્યાજ ખર્ચ | ૧૫૬.૬૮ |
| સીક્યુરીટી ડીપોઝીટ નું વ્યાજ ખર્ચ | ૪૯.૬૭ |
| કાર્યકારી મુડીનો વ્યાજ ખર્ચ | – |
| ઘાલખાધ | ૪.૭૦ |
| કન્ટીજન્સી રીઝર્વ | ૦.૬૦ |
| ઇક્વીટી પર મળવાપાત્ર વળતર | ૨૯૨.૯૬ |
| આવક વેરો | ૮૩.૪૦ |
| બાદ : નોન ટેરીફ આવક | ૫૭.૮૨ |
| **એઆરઆર** | **૫,૪૨૯.૮૯** |

**નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટેની ખાધ /(પુરાંત)નું વિશ્લેષણ :**

૧.૧૪ બેઝ એફપીપીપીએ સાથેના વીજવેચાણથી થતી આવક અને ઓપન એક્સેસ ગ્રાહકોથી થતી આવકને ધ્યાને લઇ નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ ની ખાધ/(પુરાંત) તારવવામાં આવેલ છે. નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ની ખાધ/(પુરાંત)નો સારાંશ નીચે કોષ્ટકમાં દર્શાવેલ છે.

**કોષ્ટક ૪: નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટે અમદાવાદ પૂરવઠા વિસ્તારના આવકની ખાધ /(પુરાંત)**

| રૂ.કરોડમાં | |
|---|---|
| એઆરઆર | ૫,૪૨૯.૮૯ |
| બાદ : | |
| પ્રવર્તમાન વીજદર અને રૂ.૧.૩૮ પ્રતિ યુનીટ ના એફપીપીપીએથી થતી આવક સહીત વીજળીના વેચાણથી થતી આવક | ૫,૫૯૦.૪૧ |
| ઓપન એક્સેસ ચાર્જથી થતી આવક | ૧૦.૭૦ |
| **નેટ ખાધ/(પુરાંત)** | **(૧૭૧.૨૨)** |

ટીપીએલએ માનનીય કમિશનને ઉપર દર્શાવેલ ખાધ/(પુરાંત)ને મંજુર કરવા રજુઆત કરેલ છે.

૧.૧૫ ટીપીએલ-ડીએ તેના અમદાવાદ/ ગાંધીનગર અને સુરત સપ્લાય વિસ્તાર માટે જીઇઆરસી (ડિમાન્ડ સાઇડ મેનેજમેન્ટ) રેગ્યુલેશનસ, ૨૦૧૨ અનુસાર બનાવેલ ડીએસએમ પ્લાનને માનનીય કમીશન સમક્ષ રજુ કરેલ છે. માનનીય કમીશને અમદાવાદ સપ્લાય વિસ્તાર માટે રૂ.૪.૪૫ કરોડ મંજુર કરેલ છે. ટીપીએલ-ડી જણાવે છે કે તેને નાંણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ દરમ્યાન ડીઇએલપી પ્રોગ્રામ અંર્તગત કોઇ ઇનવોઇસ મળેલ ન હોવાથી ડીઇએલપી પ્રોગ્રામ પેટે કોઇ ખર્ચ કરેલ નથી. આમ, ટીપીએલ-ડીએ ડીએસએમ પેટે કોઇ ખર્ચ કરેલ નથી.

૧.૧૬ ટીપીએલ જણાવે છે કે કાયદામાં ફેરફારને કારણે કર્મચારી ખર્ચમાં વધારો થયો છે. ભારત સરકારે તા.૨૯ માર્ચ ૨૦૧૮ ના જાહેરનામા દ્વારા પેમેન્ટ ઓફ ગ્રેચ્યુઈટી એકટ, ૧૯૭૨ માં કરેલ સુધારા અંર્તગત ગ્રેચ્યુઇટી ની મહતમ મર્યાદા રૂ.૧૦ લાખથી વધારીને રૂ.૨૦ લાખ કરેલ છે. માટે, ટીપીએલ જણાવે છે કે આ જાહેરનામુ જીઇઆરસી એમવાયટી રેગ્યુલેશન ૨૦૧૬ ના રેગ્યુલેશન ૨(૧૫) અંર્તગત કાયદામાં ફેરફાર છે. તદાનુસાર, ટીપીએલડીએ માનનીય કમિશનને નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ ના એઆરઆરના ટ્રુ અપ ઉપરાંત ઉપરોક્ત કાયદામાં ફેરફાર ની અસરને અનિયંત્રીત રીતે મંજુરી આપવા વિનંતી કરી છે.

૧.૧૭ ટીપીએલ-ડીએ માનનીય કમિશનને મંજુર કરેલ/ નિર્દિષ્ટ કરેલ પદ્ધતિ મુજબ, બાકી રહેલ દાવાઓ સહિતની નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ ની ખાધ/(પુરાંત)ના, વ્યાજ ખર્ચ (કેરીંગ કોસ્ટ) પેઠે રૂ.૧૬૪.૨૦ કરોડ તારવેલ છે. તે મુજબ, ટીપીએલ-ડીએ માનનીય કમિશનને નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧નાં દર નિર્ધારણ માટે નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ અને નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ ની ખાધ/(પુરાંત) ઉપરાંત ઉપરોક્ત બાકી રહેતા નાણા ધ્યાને લેવા વિનંતી કરેલ છે.

૧.૧૮ ટીપીએલ-એ માનનીય કમિશનને પાછલા વર્ષોની સ્થગિત રાખેલ કેરીંગ કોસ્ટ ને માનનીય ટ્રિબ્યુનલના નિર્ણય બાદ કેરીંગ કોસ્ટ ચાર્જ તરીકે વસુલવાની રજુઆત કરેલ છે.

૧.૧૯ આમ કુલ ખાધ રૂ.૭૭૨.૪૩ કરોડ થઇ છે. નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટેના દર નિર્ધારણ માટેની આવકની ખાધ/(પુરાંત)નો સારાંશ નીચે કોષ્ટકમાં દર્શાવેલ છે.

**કોષ્ટક ૫: નાંણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ ના દર નિર્ધારણ માટે અમદાવાદ પૂરવઠા વિસ્તારના આવકની સંચિત ખાધ/(પુરાંત)**

| રૂ.કરોડમાં | |
|---|---|
| નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ માટે ખાધ/(પુરાંત) | ૭૭૦.૧૯ |
| વ્યાજ ખર્ચ (કેરીંગ કોસ્ટ) | ૧૬૪.૨૦ |
| ડીએસએમ | – |
| નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ માટે કાયદામાં ફેરફારની અસર | ૯.૨૬ |

| રુ. કરોડમાં | |
|---|---|
| નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ની ખાધ/(પુરાંત) | (૧૭૧.૨૨) |
| | |
| **વીજદર મારફતે વસુલવા યોગ્ય સંચિત ખાધ/(પુરાંત)** | **૭૭૨.૪૩** |

૧.૨૦ ઉપરોક્ત રુ.૭૭૨.૪૩ કરોડની સંચિત ખાધની વસૂલાત કરવા નાંણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટેના વિજદર માં વધારો કરવો જરૂરી છે. પરંતુ, પાછલા વર્ષોની બાકી રહેલ ખાધની વસૂલાતની અસર એક વર્ષમાં ગ્રાહકોને ના આપવાના ઉદ્દેશથી, ટીપીએલ-ડીએ સંચિત ખાધના અમુક હિસ્સાની વસૂલાત માત્ર રૂા.૦.૨૧ પ્રતિ યુનિટના દરે વિજદરમાં સુધારા દ્વારા કરવાનો પ્રસ્તાવ કરેલ છે. ટીપીએલ-ડીએ ખાધની વસુલાતમાં થતા વિલંબને અનુરૂપ ખર્ચ ધ્યાને લઇ બાકીની સંચિત ખાધની વસુલાત ૧લી એપ્રિલ, ૨૦૨૦ થી બે વર્ષના સમયગાળા માટે રૂા. ૦.૩૫ પ્રતિ યુનીટના દરે રેગ્યુલેટરી ચાર્જ દ્વારા કરવાનો પ્રસ્તાવ કરેલ છે.

૧.૨૧ અત્રે નોંધનીય છે કે ટીપીએલ-ડીના વિજદર છેલ્લે નાંણાકીય વર્ષ ૨૦૧૫-૧૬માં વધારવામાં આવેલા. ત્યારથી, ફુગાવાનું દબાણ હોવા છતાં, ટીપીએલ-ડી તેના ખર્ચ ઓપરેશનલ કાર્યક્ષમતા મારફતે પ્રબંધ કરેલ છે. સુધારેલા વિજદર અને રેગ્યુલેટરી ચાર્જની મંજૂરી પાછલા વર્ષોની બાકી રહેલ વસૂલાતનો બોજો દૂર કરવા અને ટીપીએલ-ડીને પાવરની ગુણવત્તા, વિશ્ર્વસનીયતા અને ગ્રાહકસેવાના ઉચ્ચ સ્તરો જાળવવી રાખવા તેમજ તેમાં વધુ સુધારો કરવા અનિવાર્ય છે.

૧.૨૨ વીજદર માળખાના સુચીત ફેરફારનો સારાંશ **એનેક્ષર ૧** માં આપવામાં આવેલ છે.

દાદ ઃ

૧.૨૩ ટીપીએલ-ડીએ હાલની અરજી નાંણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ ના ટ્રુઇંગ અપ અને નાંણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટે અમદાવાદ/ગાંધીનગર સપ્લાય વિસ્તાર માટેના વીજ દર નિર્ધારણ માટે દાખલ કરી છે.

૧.૨૪ હકીકતો અને સંજોગોને આધારે, ટીપીએલએ માનનીય કમિશનને નીચે મુજબની અરજ કરેલ છે:

એ) નાંણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ ના ટ્રુઇંગ અપ અને નાંણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ ના વીજ દર નકકી કરવા માટેની પીટીશનની સ્વીકૃતી.

બી) નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ના ટ્રુઇંગ અપ અનુસાર ખાધ/(પુરાંત)ની મંજુરી.

સી) નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ ના ટીપીએલ-ડી દ્વારા પ્રસ્તાવિત નફા/નુકશાનની વહેંચણીની મંજુરી.

ડી) સંચિત ખાધ/(પુરાંત)ની મંજુરી.

ઇ) વ્હીલીંગ એઆરઆર અને એને અનુરૂપ વીજ વહન માટેના દરની તા.૧લી એપ્રિલ, ૨૦૨૦થી મંજુરી.

એફ) કાયદામાં ફેરફાર અને ડીપીસી અંતર્ગત વર્તમાન પિટિશનમાં પ્રસ્તાવિત કરેલ ખર્ચ ની વસુલાત માટેની મંજુરી.

જી) રિટેલ વીજદર અને/અથવા રેગ્યુલેટરી ચાર્જ થકી વસુલાતની મંજુરી

એચ) અરજદાર દ્વારા માનનીય ટ્રીબ્યુનલમાં કરેલી અરજીઓના નિર્ણયો અનુસાર ખર્ચાઓની વસુલાત માટેની મંજુરી.

આઇ) ભવિષ્યમાં અરજીમાં ઉમેરો/સુધારા/ફેરફાર/બદલાવો માટેની પરવાનગી.

જે) અરજી કરનારને કાર્યવાહી દરમ્યાન અસરકારક પ્રસ્તુતી માટે સમયાનુસાર જરુરી દલીલો અને દસ્તાવેજો ફાઇલ કરવા માટેની પરવાનગી.

કે) માનનીય કમીશનને યોગ્ય લાગતી અન્ય રાહત, આદેશ અથવા નિર્દેશની વિનંતિ

એલ) કોઇપણ અજાણતા થયેલી ગફલત/ભૂલ/તફાવત/ખામીઓ ની માફી

*(નોંધ:ગુજરાતી અનુવાદ મુળ અંગ્રેજી નકલ પર આધારિત છે. અર્થઘટન માટે અંગ્રેજી નકલ પ્રમાણિત ગણાશે.)*

## ટીપીએલ–ડીના અમદાવાદ/ગાંધીનગર સપ્લાય વિસ્તાર માટેના સુચીત દરો

| કેટેગરી | ફિક્સ્ડ ચાર્જ |
|---|---|
| **આરજીપી**<br>(રહેણાંક અને વીજભાર ૧૫ કિલોવોટથી વધુ ન હોય તેવા રહેણાંકના સંયુક્ત વપરાશના સંસાધનો તેમજ સ્થાનિક સત્તામંડળ દ્વારા ચલાવવામાં આવતા પમ્પિંગ સ્ટેશનો) | **બીપીએલ સિવાયના ગ્રાહકો માટે**<br>**સિંગલ ફેઝ સપ્લાય**<br>રૂા ૩૫ પ્રતિ ઈન્સ્ટોલેશન પ્રતિ માસ<br>**૧૫ કિલોવોટ સુધીના થ્રી ફેઝ સપ્લાય માટે**<br>રૂા ૭૫ પ્રતિ ઈન્સ્ટોલેશન પ્રતિ માસ<br>**૧૫ કિલોવોટથી વધુના રહેણાંક માટેના થ્રી ફેઝ સપ્લાય માટે**<br>રૂા.૧૦ પ્રતિ કિલોવોટ પ્રતિ માસ |
| **જીએલપી**<br>(રહેણાંક સિવાયના ચેરિટેબલ હેતુ માટે) | **સિંગલ ફેઝ સપ્લાય**<br>રૂા ૫૦ પ્રતિ ઈન્સ્ટોલેશન પ્રતિ માસ<br>**થ્રી ફેઝ સપ્લાય**<br>રૂા ૧૦૦ પ્રતિ ઈન્સ્ટોલેશન પ્રતિ માસ |
| **નોન- આરજીપી**<br>(અલગ એલટી કેટેગરીમાં આવરી લેવાયેલ ન હોય અને ૧૫ કિલોવોટ કે તેથી વધુ વીજભાર ન હોય તેવા કનેકશન માટે) | **૫ કિલોવોટ સુધીના કનેકટેડ લોડ માટે**<br>રૂા.૭૫ પ્રતિ કિલોવોટ પ્રતિ માસ<br>**૫ કિલોવોટથી વધુના અને ૧૫ કીલોવોટ સુધીના કનેકટેડ લોડ માટે**<br>રૂા.૯૫ પ્રતિ કિલોવોટ પ્રતિ માસ |
| **એલટીએમડી-૧**<br>(૧૫ કિલોવોટથી વધુ વીજભારનાં રહેણાંકના સંયુક્ત વપરાશના સંસાધનો તેમજ સ્થાનિક સત્તામંડળ દ્વારા ચલાવવામાં આવતા પમ્પિંગ સ્ટેશનો માટે) | **કોન્ટ્રાક્ટ ડિમાન્ડ સુધીની બિલિગ ડિમાન્ડ**<br>**પ્રથમ ૫૦ કિલોવોટ**<br>રૂા.૧૬૫ પ્રતિ કિલોવોટ પ્રતિ માસ<br>**પછીના ૩૦ કિલોવોટ**<br>રૂા.૧૯૫ પ્રતિ કિલોવોટ પ્રતિ માસ<br>**બાકીની બિલિંગ ડિમાન્ડ**<br>રૂા.૨૫૫ પ્રતિ કિલોવોટ પ્રતિ માસ **કોન્ટ્રાક્ટ ડિમાન્ડ કરતાં વધુ પર**<br>રૂા.૪૦૦ પ્રતિ કિલોવોટ પ્રતિ માસ |
| **એલટીએમડી-૨**<br>(અલગ એલટી કેટેગરીમાં આવરી લેવાયેલ ન હોય અને ૧૫ કિલોવોટ કે તેથી વધુ વીજભાર હોય તેવા કનેકશન માટે) | **કોન્ટ્રાક્ટ ડિમાન્ડ સુધીની બિલિગ ડિમાન્ડ**<br>**પ્રથમ ૫૦ કિલોવોટ**<br>રૂા.૧૮૫ પ્રતિ કિલોવોટ પ્રતિ માસ<br>**પછીના ૩૦ કિલોવોટ**<br>રૂા.૨૪૫ પ્રતિ કિલોવોટ પ્રતિ માસ<br>**બાકીની બિલિંગ ડિમાન્ડ**<br>રૂા.૩૧૫ પ્રતિ કિલોવોટ પ્રતિ માસ **કોન્ટ્રાક્ટ ડિમાન્ડ કરતાં વધુ પર**<br>રૂા.૪૭૫ પ્રતિ કિલોવોટ પ્રતિ માસ |
| **એચટીએમડી - ૧**<br>(સ્થાનિક સત્તામંડળો દ્વારા ચલાવવામાં આવતા પમ્પિંગ સ્ટેશનો સિવાયના હેતુઓ માટે ૧૦૦ કિલોવોટ અને તેથી વધુની કોન્ટ્રાક્ટ ડિમાન્ડ) | **કોન્ટ્રાક્ટ ડિમાન્ડ સુધીની બિલિગ ડિમાન્ડ**<br>**૧૦૦૦ કિલોવોટ સુધી**<br>રૂા ૨૭૫ પ્રતિ કિલોવોટ પ્રતિ માસ<br>**૧૦૦૦ કિલોવોટથી વધુ**<br>રૂા.૩૫૦ પ્રતિ કિલોવોટ પ્રતિ માસ<br>**કોન્ટ્રાક્ટ ડિમાન્ડ કરતાં વધુ પર**<br>રૂા ૪૩૫ પ્રતિ કિલોવોટ પ્રતિ માસ |

| કેટગરી | ફિક્સ્ડ ચાર્જ |
| --- | --- |
| **એચટીએમડી - ૨**<br>(સ્થાનિક સત્તામંડળો દ્વારા ચલાવવામાં આવતા પાણી અને ગટરના પમ્પિંગ સ્ટેશનો માટે ૧૦૦ કિલોવોટ અને તેથી વધુની કોન્ટ્રાક્ટ ડિમાન્ડ) | **કોન્ટ્રાક્ટ ડિમાન્ડ સુધીની બિલિગ ડિમાન્ડ**<br>રૂા.૨૩૫ પ્રતિ કિલોવોટ પ્રતિ માસ<br>**કોન્ટ્રાક્ટ ડિમાન્ડ કરતાં વધુ પર**<br>રૂા ૩૩૫ પ્રતિ કિલોવોટ પ્રતિ માસ |
| **એચટીએમડી - મેટ્રો ટ્રેકશન**<br>(૧૦૦ કિલોવોટ અને તેથી વધુની કોન્ટ્રાક્ટ ડિમાન્ડ) | **કોન્ટ્રાક્ટ ડિમાન્ડ સુધીની બિલિગ ડિમાન્ડ**<br>રૂા.૩૫૦ પ્રતિ કિલોવોટ પ્રતિ માસ<br>**કોન્ટ્રાક્ટ ડિમાન્ડ કરતાં વધુ પર**<br>રૂા ૪૦૦ પ્રતિ કિલોવોટ પ્રતિ માસ |

એ) **એનર્જી ચાર્જઃ** ટીપીએલ-ડીએ બીપીએલ ગ્રાહકો માટે પ્રથમ ૩૦ યુનિટ સુધીના અને એચટીએમડી - મેટ્રો ટ્રેકશન ટેરીફ કેટેગરી માટેના એનર્જી ચાર્જમાં કોઇ ફેરફાર સૂચવેલ નથી. જ્યારે, આરજીપી કેટેગરીના પ્રથમ ૫૦ યુનિટ માટેના એનર્જી ચાર્જમાં રૂા.૦.૧૦ પ્રતિ યુનિટનો વધારો સૂચવેલ છે. અન્ય દરેક કેટેગરી અને સ્લેબના એનર્જી ચાર્જમાં રૂા.૦.૧૫ પ્રતિ યુનિટનો વધારો સૂચવેલ છે.

બી) **રેગ્યુલેટરી ચાર્જઃ** ટીપીએલ-ડીએ રૂ.૦.૩૫ પ્રતિ યુનીટના દરે રેગ્યુલેટરી ચાર્જ પ્રસ્તાવિત કરેલ છે.

સી) **ઓપન એકસેસ ચાર્જીસઃ** ટીપીએલએ ઓપન એકસેસ ગ્રાહકોને લાગુ પડતા વ્હીલિંગ ચાર્જીસ અને ક્રોસ સબસીડી સરચાર્જ નિર્ધારણ કરવા પ્રસ્તાવિત કરેલ છે.

*(નોંધ:ગુજરાતી અનુવાદ મુળ અંગ્રેજી નકલ પર આધારિત છે. અર્થઘટન માટે અંગ્રેજી નકલ પ્રમાણિત ગણાશે.)*